પ્રકાશન નંબર :– ૨૨૯ આવૃત્તિ :– પ્રથમ

## જાનવરો પ્રત્યે

## હઝરત મુહમ્મદ પયગમ્બર સાહબની

# દયાભાવના

–: લેખક :–
હઝરત મવલાના ખાલિદ સૈફુલ્લાહ રહમાની સાહબ (દા.બ.)
નાઝીમ :– અલ–મઅહદુલ આલી અલ–ઈસ્લામી,
હૈદરાબાદ, એ.પી.

–: અનુવાદક :–
હાજી મુશ્તાક અહમદ અ.કરીમ પટેલ

–: પ્રકાશક :–
પ્રકાશન અને પ્રસારણ વિભાગ ,
દારૂલ ઉલૂમ મદ્રસા અરબિય્યહ તાલીમુલ મુસ્લિમીન,
લુણાવાડા ૩૮૯૨૩૦ જિ.મહિસાગર
(ઓફીસ .(૦૨૬૭૪ ) ૨૫૦૦૪૦,૨૫૦૦૨૮

કિતાબ નું નામ :– જાનવરો પ્રત્યે
હઝરત મુહમ્મદ પયગમ્બર સાહબની
દયાભાવના

લેખક :– હઝરત મવલાના ખાલિદ સૈફુલ્લાહ
રહમાની સાહબ (દા.બ.)

અનુવાદક :– હાજી મુશ્તાક અહમદ અ.કરીમ પટેલ

સંપાદક :– મુફતી ગુલામ મુહંમદ 'ફલાહી'

પ્રકાશન નંબર :– ૨૨૯

આવૃત્તિ :– પ્રથમ

પ્રત :– ૧૦૦૦

પ્રકાશન વર્ષ :– જુલાઇ, ૨૦૧૭

પ્રકાશક :– પ્રકાશન અને પ્રસારણ વિભાગ
દારૂલ ઉલૂમ, લુણાવાડા

ટાઇપ સેટીંગ :– પેરેડાઇઝ કોમ્પ્યુટર એન્ડ ઝેરોક્ષ સેન્ટર

જનાબ અશરફ અબ્દુલ હક પટેલ સાહબ તરફથી પોતાના મર્હૂમ ફરઝંદ ઝૈદ તથા મર્હૂમ વાલિદૈન તથા ઉમ્મતના તમામ મર્હૂમીનના ઈસાલે સવાબ માટે... અલ્લાહ તઆલા તમામ મર્હૂમીનની મગફિરત ફરમાવે. આમીન !
પ્રકાશન વિભાગ તેમનો હાર્દિક આભાર વ્યક્ત કરે છે.

# બે બોલ

કુર્આન મજીદે મુહમ્મદ પયગમ્બર સાહબનું જે વ્યકિતત્વ રજૂ કર્યુ છે તે આ છે કે મુહમ્મદ પયગમ્બર સાહબ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમ (શાંતિ અને સલામતી હજો તેમના પર) સમગ્ર બ્રહ્માંડ કાજ કૃપાવંત છે. મુસ્લિમો માટે જ તેમની દયા–કૃપા ખાસ ન હતી. ન અરબો માટે કે ન કોઈ ખાસ રંગ–જાતિના લોકો માટે, અહીયા સુધી કે આપની દયા–કૃપા માત્ર માનવ જાત સુધી જ સીમિત ન હતી. મુહમ્મદ પયગમ્બર સાહબ (શાંતિ અને સલામતી હજો તેમના પર) બીજી માનવ જાતિ–પ્રાણી વર્ગ સાથે દયા અને મહેરબાનીનુ શિક્ષણ આપ્યું છે. પરંતુ અફસોસ એ વાતનો છે કે બિન મુસ્લિમ ભાઈઓ મુહમ્મદ પયગમ્બર સાહબ (શાંતિ અને સલામતી હજો તેમના પર)ના જીવન ચરિત્રના આ પાસાથી અજાણ છે અને એક ગેર સમજ એવી છે કે મુહમ્મદ પયગમ્બર સાહબ (શાંતિ અને સલામતી હજો તેમના પર) ફકત મુસ્લિમોના જ સંદેશાવાહક અને હિતેચ્છુ છે. પશ્ચિમી લેખકો જો ઘણા જ મહેરબાન થઈ જાય તો મુહમ્મદ પયગમ્બર સાહબને (શાંતિ અને સલામતી હજો તેમના **પર**) અરબો ના ઈશદૂત ગણે છે.

આ પૃષ્ઠભૂમિમાં ત્રણ દિવસિય આંતરરાષ્ટ્રીય સીરતુન્નબી સેમીનાર જે ૧૨–૧૩ જુમાદલ ઉલા હીજરી સન ૧૪૩૭ પ્રમાણે ૨૧–૨૩ ફેબ્રુઆરી ૨૦૧૬ના દિવસે અલ–મઅહદુલ આલી અલ–ઈસ્લામી હૈદરાબાદમાં યોજાઈ રહયો છે, ત્યારે તેના ઉપક્રમે નાની પુસ્તિકાનુ પ્રકાશન કરવાનો નિર્ધાર કરવામાં આવ્યો. જેમાં મુહમ્મદ પયગમ્બર સાહબ (શાંતિ અને સલામતી હર્જો તેમના પર)ના નખશિશ વિશ્વકૃપાવંત વ્યકિતત્વને રજૂ કરવામાં આવે અને દેશ બંધુઓને મુહમ્મદ પયગમ્બર સાહબ (શાંતિ અને

સલામતી હજો તેમના પર) ના વ્યકતિત્વનો યોગ્ય પરીચય કરાવવામાં આવે. એ પ્રયત્ન કરવામાં આવ્યો છે કે પુસ્તિકા નાના સ્વરૂપે હોય, ભાષા સરળ હોય અને દરેક વાત આધારભૂત સંદર્ભ સાથે કહેવામાં આવે. ઈન્શા અલ્લાહ (ઈશ્વરની ઈચ્છા હશે તો) રબીઉલ અવ્વલ ૧૪૩૮ હીજરી સુધી એ પ્રયત્ન કરવામાં આવશે કે તમામ ભારતીય પ્રાદેશિક ભાષાઓ અને અંગ્રેજીમાં તેનો અનુવાદ થાય અને વધૂ સંખ્યામાં દેશબંધુઓ સુધી આ પુસ્તિકાઓ પહોંચાડવામાં આવે.

આ ભાવનાને અનુરૂપ અંશરૂપે આ પુસ્તિકા "જાનવરો સાથે મુહમ્મદ પયગમ્બર સાહબ (શાંતિ અને સલામતી હજો તેમના પર) ની "દયાભાવના" જેને આ નગણ્ય વ્યકિતએ સંપાદિત કરી છે તેમનો હેતુ અન્ય ધર્મી દેશબંધુઓ માટે મુહમ્મદ પયગમ્બર સાહબ (શાંતિ અને સલામતી હજો તેમના પર)ના અમૃત વચનો પ્રસ્તુત કરવાનો છે. જેમાં સંસ્કાર અને સ્નેહવર્તન નું શિક્ષણ શિષ્ટાચાર અને સભ્યતા વાળી જીદગી માટે માર્ગદર્શક અને પ્રેરણારૂપ છે.

દુઆ (પ્રાર્થના)છે કે સૃષ્ટિના સર્જક (અલ્લાહ)**આ** પ્રયત્નને તેના હેતુ અનુસાર લાભપ્રદ બનાવે અને માનવંત સંદેશાવાહક પયગમ્બર મુહમ્મદ સાહબ (શાંતિ અને સલામતી હજો તેમના પર)ના પરિચયની જે જવાબદારી આ ઉમ્મત પર છે તેનો કંઈક ભાગ આ પ્રયત્નો ધ્વારા પુરો થઈ શકે.

**(હઝરત મવલાના) ખાલિદ સૈફુલ્લાહ રહમાની (સાહબ)**

**સેવક :–અલ–મઅહદુલ આલી અલ–ઈસ્લામી, હૈદરાબાદ**

**૧૨ જુમાદલ ઉલા ૧૪૩૭ હીજરી,**

**૨૧ ફેબ્રુઆરી ૨૦૧૬ ઈસ્વી સન**

## આરંભ એ ખુદાના નામથી જે કૃપાળુ અને દયાવાન છે.

"રહમ" કૃપા-દયા -કલ્યાણ ભાવના એક એવી મહાનતમ ઉત્સાહી વાત છે, જે રડતાં-કકડતાં, કચડાયેલા, નિરાશ્રિત અને અત્યાચારનો ભોગ બનેલા માનવીઓના દુઃખ-દર્દ અને અત્યાચાર-અન્યાય પર દ્રવિત થઈ જઈને એને દૂર કરવા શકિતમાન છે, આ અલ્લાહનો એક વિશિષ્ટ ગુણ છે જેને અલ્લાહ તઆલા એ પોતાની સર્જન સૃષ્ટીને પોતાની કૃપા-છાયા હેઠળ ઢાંકી લીધી છે.

કૃપાવંત અને સૌથી દયાવાન કલ્યાણકારી અલ્લાહ તઆલા એ કૃપા કરીને પોતાની સર્જન સૃષ્ટી પર સાર્વજનિક રૂપે પૂર્ણ કરવા માટે પયગમ્બરોના અવરતણની પવિત્ર હારમાળા શરૂ કરી અને સૌના અંતે પયગમ્બરોમાં શ્રેષ્ઠ એવા હઝરત મુહમ્મદ સાહબને કૃપાવંત-કલ્યાણકારી બનાવીને મોકલ્યા.

અય, મુહમ્મદ અમોએ તમને સમસ્ત વિશ્વ કાજે દયા-કૃપાનો નમૂનો-ઉદારહણ બનાવીને મોકલ્યા છે.

જેવી રીતે મુહમ્મદ સાહબનુ પયગમ્બરપણું ન્યાયના દિવસ સુધી આવનાર સૌ વ્યકિતઓ માટે છે, એ જ રીતે આપની દયા-કૃપા અને કલ્યાણ કારી લાલસા અને મેહરબાની ન્યાયના દિવસ સુધીની તમામ સર્જન સૃષ્ટી માટે છે. કેમ કે રહમત કૃપા-દયાભાવના ન ફકત જીન્નાત અને માનવીઓની જરૂરત છે, બલ્કે તમામ જીવ સૃષ્ટી માટે છે.

મુહમ્મદ સાહબે પોતાના આચરણ, કથન અને કર્મ ધ્વારા માનવો ઉપરાંત અલ્લાહની સમગ્ર જીવ સૃષ્ટી માટે પણ પ્રેમ-દયાભાવના નો ઉત્તમ નમૂનો રજૂ કર્યો છે, માનવી સિવાય પશુ-પક્ષીઓ માટે પ્રાકૃતિક વાતાવરણ

સંરક્ષણ માટે સુરક્ષિત જગાઓ પુરી પાડવા અને તેના ખોરાક પાણીની જરૂરીયાતનુ ધ્યાન રાખવાનો સદ્દૂપદેશ આપ્યો છે. આ પ્રમાણે વર્તીને આપણે ન ફકત પશુઓનુ સંરક્ષણ અને સવંર્ધનની વિચાર ધારાને સફળ બનાવી શકીએ છીએ, પરંતુ દુનિયાના પરિવર્તિત પ્રાકૃતિક વાતાવરણ વિકટ થતી પરિસ્થિતિ (પ્રદુષણ) અને પ્રાકૃતિક અસમતુલનનો નાશ કરી શકીએ.

## પશુઓ-પક્ષીઓનું ખેતરોમાંથી અનાજ ખાઈ જવું દાન-પુણ્ય છે.

મુહમ્મદ પયગમ્બર સાહબે પોતાના એક કથનમાં ઝાડ રોપવાં અને ખેતીવાડી કરવાની મહત્વતા બતાવી ને કહયું વૃક્ષ અને ખેતરમાંથી માનવ કે પશુના પેટમાં જે દાણા કે ફળ જાય તે વૃક્ષ રોપનાર માટે અને ખેતી કરનાર માટે દાન-પુણ્ય છે. "જે કોઈ મુસ્લિમ કોઈ વૃક્ષ રોપે અથવા ખેતી કરે અને તેમાથી માનવ કે પશુ-પક્ષી કઈક ખાઈ લે છે તો આ એના માટે દાન-પૂણ્ય છે."

આ હદીસ (અમૃતવાણી) પ્રમાણે વર્તીને ન ફકત પર્યાવરણની જાળ વણી થશે પરંતુ ખાધા ખોરાકીની જીવ સૃષ્ટીની જરૂરીયાતની પૂર્તિ થશે અને જીવ સૃષ્ટીની સેવાનું પુણ્ય પણ મળશે.

## પશુઓ સાથે શ્રેષ્ઠ વ્યંવહાર

મુહમ્મદ સાહબે જે રીતે માનવ સમાજના નિબર્ળ લોકો જેવા કે, ગુલામ, બાળકો અને સ્ત્રીઓના હકોની જાળવણી બાબતે અલ્લાહનો ડર રાખવાની તાકીદ કરી છે એ જ રીતે આપ સાહબે મૂંગા પશુઓ વિશે પણ અલ્લાહનો ડર રાખવા જણાવ્યું તેમણે કહયું મૂંગા પશુઓના સંદર્ભે અલ્લાહથી ડરો, તેમના પર યોગ્ય અને સારી રીત-ભાતથી સવાર થાઓ અને યોગ્ય અને સારી રીત-ભાતથી તેમનો ઉપયોગ કરો.

આપ સાહબે પશુઓ અને સમસ્ત જીવસૃષ્ટિના સાથે સદ્‌વ્યવહાર કરવાનો અને યોગ્ય રીતે તેમના સાથે વર્તવાની તાકીદ કરી છે.

ઢોર–ઢાંખર અને પશુઓ સાથે દરેક પ્રસંગે સારી વર્તણુક કરવી જોઈએ, એ વાત મુહમ્મદ સાહબના આ આદેશથી સાબિત થાય છે. પશુ–પક્ષીઓનો વધ કરવો અને તેઓને ખાવાના ઉપયોગમાં લેવા, માનવીની પ્રાકૃતિક જરૂરીયાત છે અને અલ્લાહે તેની છુટ આપી છે.

મુહમ્મદ સાહબે પશુઓને રિબાવી–રિબાવીને અને બુઠી છરી થી વધ કરવાની મનાઈ કરી છે, ઉપરાંત જીવંત પશુઓને ઈસ્લામી વધ કરવાની રીત મુજબ વધ કર્યા વગર જીવંત પશુ નું કોઈ અંગ કાપી ને ખાવાની મનાઈ કરી છે. અજ્ઞાનતાના કાળમાં લોકો જીવંત ઉટની ખૂંધ કાપીને ખાતા હતા. મુહમ્મદ સાહબે આની મનાઈ કરી અને એ કપાઈ ગયેલા ભાગને મૃત જાહેર કર્યો, એમનુ કથન છે, જીવંત પશુનો જે ભાગ કાપી નાખવામાં આવે તે મૃત ભાગ ગણાશે.

## પશુઓની લડાઈનો નિષેધ.

અજ્ઞાનતાના સમયથી આનંદ–પ્રમોદ માટે પશુઓને લડાવવાનો રીવાજ છે, યુરોપમાં આજે પણ "બુલ ફાઈટીગ" સાંઢ લડાઈને ચીવટ પુર્વકના જશન તરીકે મનાવવામાં આવે છે. અને આ જીવસટોસટની નુકસાન કારક લડાઈને યુરોપનાં લોકો ઘણા જ ઉત્સાહ અને આનંદ સાથે જુએ છે, અને પશુઓના મોત પર તેમને કોઈ અફસોસ નથી. આપણી રહેણી કરણીમાં પણ મુર્ગાઓની લડાઈ, તેતરોની લડાઈ, કબુતરોની લડાઈ આનંદના મહારથીઓનો મનગમતો, પ્રિય શોખ છે અને નફાકારક વેપાર છે.

તાજેતરના રિપોર્ટ પ્રમાણે દર વર્ષે આપણા દેશમાં દિવાળી પર્વ નિમીત્તે એક લાખથી વધૂ પશુ–પક્ષીઓ મૃત્યુ પામે છે, મીડીયા રિપોર્ટ પ્રમાણે સૌથી વધુ અત્યાચારી પાસુ એ છે કે કેટલાક નવજુવાનો કુતરા અને બળદોના શરીર પર ફટાકડાની શેરો લટકાવીને તેને સળગાવે છે. જેના થી જખ્મી થઈ પશુઓ પીડા વેઠી ન શકવાના કારણે બળીને મૃત્યુ પામે છે.

## પશુઓને નિશાન (લક્ષ્ય) બનાવનારાને પણ ફીટકાર

અલ્લાહના પયગમ્બર મુહમ્મદ સાહબે ફકત આનંદ, પ્રમોદ અને શયતાની મનેચ્છાઓની પૂર્ણાહૂતિ માટે પશુઓ અથવા પક્ષીઓને બાંધીને લક્ષ્ય અને નિશાન બનાવવાની મનાઈ કરી છે. અને આવું કરનાર પર ફીટકાર વરસાવ્યો છે. જેવી રીતે સઈદ ઈબ્ને જુબેર જણાવે છે કે હુ સૈયદના ઈબ્ને ઉમર સાથે હતો, તેઓ કેટલાક નવયુવાનો પાસેથી પસાર થયા, જેઓ એક મરઘીને બાંધીને નિશાનબાજી કરી રહયા હતા. તેઓએ પક્ષીના માલિક માટે દરેક ખોટા નિશાન માટે એક તીર નકકી કર્યુ હતું જયારે તે યુવકોએ ઈબ્ને ઉમરને જોયા તો વેર વિખેર થઈ ગયા ઈબ્ને ઉમરે કહયું કે કોણે આ કામ કર્યુ છે ? જેને આવું કર્યુ તેના પર અલ્લાહનો ફીટકાર છે, અલ્લાહના પયગમ્બર મુહમ્મદ સાહબે એવી વ્યકિત પર ફિટકાર વરસાવી છે જે કોઈ સજીવને લક્ષ્ય બનાવે. મુહમ્મદ સાહેબના આ કથનના અંતિમ વાકયોથી જાણવા મળે છે કે કોઈ પણ પશુ–પક્ષી વગેરેને પીડા આપવી અને સતાવવું જાઈઝ નથી.

## જરૂરત વગર પશુઓને તકલીફ ન આપવી જોઈએ.

પયગંબર સાહબે પશુઓની દેખરેખ રાખવી, તેના ઉપર બીન જરૂરી બોજ ન મૂકવા જણાવ્યું છે. આપ સાહબે ફરમાવ્યું કે તમો પોતાના પાલતુ પ્રાણીઓની પીઠને બેઠક–ખુરશી ન બનાવો, અલ્લાહે તેઓને તમારા તાબા

હેઠળ કરી દીધા, જેથી તમો પોતાના શહેરોમાં (ગંતવ્ય સ્થાનો પર) પહોંચી શકો, જયાં તમો કષ્ટ વેઠયા વગર પહોંચી શકતા ન હતા. અલ્લાહે તમારા માટે ભૂમિ બનાવી તેના પર રહીને તમારી આવશ્યકતાની પૂર્તિ કરો, બીજા એક કથનમાં મુહમ્મદ સાહબે જણાવ્યું પશુઓને ખુરશીની જેમ ન બનાવો.

## પ્રકૃતિ અને સ્વભાવગત રીતે કામ લેવામાં આવે.

મુહમ્મદ પયગમ્બર સાહબના આ કથનો ધ્વારા આ જાણવા મળે છે કે જરૂરત વગર પશુઓને કષ્ટ આપવુ યોગ્ય નથી. જે કામ પશુઓ સાથે સંબંધિત નથી અને જે કામમાં પશુઓની મદદની જરૂરત ના હોય એવા કામમાં પશુઓની મદદ લેવી યોગ્ય નથી, ઉપરાંત એવા કામો જે પશુની યોગ્યતા અને સ્વભાવ સાથે સુસંગત નથી, તેમનાથી એવા કામ કરાવવા યોગ્ય નથી. જેમ કે ઘોડાને હળ સાથે જોડી દેવો અથવા ગાય–બકરીને ભારે વહનના કામમાં અથવા સવારી કરવામાં ઉપયોગમાં લેવા.

## પશુ પર વધુ માણસો સવારી ના કરે.

આજે દ્વિચક્રિય વાહનમાં બેથી વધુ માણસ બેસાડવા કાયદાકીય રીતે નિષિધ્ધ છે. તેનાથી ગાડી અને ગાડી પર બેસનારા બન્ને ને નુકસાન થઈ શકે છે. પયગમ્બર સાહબની કૃપા દ્રષ્ટિએ એક જાંનવર પર ત્રણ માણસોને સવાર થવાની મનાઈ કરી છે.

## પશુઓને ભુખ્યાં રાખવા.

એક વેળા મુહમ્મદ સાહબ મદીનાના રહેવાસી એવા એક અન્સારી વ્યકિતના બગીચામાં ગયા, તે બગીચામાં એક ઉંટ હતું. આપ સાહબને જોઈને તે ઉંટ રડવા માંડયું. આંખો આંસુઓથી ભરાઈ ગઈ, આપ સાહબ તે ઉંટ પાસે ગયા, તેની ખૂંધ અને ગરદન પર હાથ પ્રસરાવવા લાગ્યા તો તે ઉંટે રડવાનું

બંધ કરી દીધું. મુહમ્મદ પયગમ્બર સાહબે પૂછયું, આ ઉંટનો માલિક કોણ છે ? એક નવજવાન અન્સારી વ્યકિતએ આવીને વિનંતી ભાવે કહયું આ મારુ ઉંટ છે. આપ સાહબે જણાવ્યું શું તુ આ પશુ બાબતે અલ્લાહનો ડર રાખતો નથી ? જેણે તને આનો માલિક બનાવ્યો છે ? આ ઉંટ મને ફરીયાદ રૂપે કહી રહયું છે કે તમે આને ભુખ્યું રાખો છો અને ઘણીજ ઝડપથી આને હાંકો છો ?

## મુસાફરી દરમ્યાન ઘાસચારો અને દાણા પાણીનુ ધ્યાન–ચિંતા રાખવી.

મુહમ્મદ સાહબે તાકીદથી જણાવ્યું છે કે મુસાફરી દરમિયાન ઘાસચારા વાળી જગા પર પશુને ચરવાની તક આપવામાં આવે. અને વેરાન પ્રદેશમાં મુસાફરી કરો તો સવારીને જલ્દી થી હાંકી, પાણીના સ્થાને પહોંચાડો અને રાતના કોઈ જગ્યાએ રોકાણ કરો તો રસ્તાથી એક બાજુ હટીને રોકાણ કરો, કેમ કે રાતના આ પશુઓને પસાર થવાની જગા છે અને જીવ જંતુંઓનુ આશ્રય સ્થાન છે.

## જીવ–જંતુઓનુ વિશિષ્ટ માન

મુહમ્મદ સાહબે પશુઓ સાથે જીવ–જંતુઓની દરકાર રાખવાની તાકીદ કરી છે. દિવસે જે રસ્તાઓ પર ચાલીને માનવ જાત પોતાની જરૂરીયાતોની પૂર્તિ કરે છે તેમ પશુઓ અને જીવ–જંતુઓ તે રસ્તે ચાલી પોતાની રોજી રોટી શોધે છે, જેથી રાતના સમયે મોટા પહોળા રસ્તા ઉપર નમાઝ પઢવાની પણ મનાઈ કરેલ છે.

મોટા–પહોળા રસ્તે રાતના સમયે મૂકામ ન કરો, ન ત્યાં નમાઝ પઢો, કેમ કે તે સાપ અને હિંસક પ્રાણીઓનુ ઠેકાણું છે. આપ સાહબે રાતના સમયે જમીનના પટ પર વધુ હરવા–ફરવાની પણ મનાઈ કરી છે જેથી પશુ–પક્ષીઓને ગભરાહટ ન થાય.

રાતના અવર જવર સમાપ્ત થઈ જવા પછી બહુ ઓછુ બહાર ફરો કેમકે રાતના સમયે અલ્લાહની અન્ય જીવસૃષ્ટિ કે જેમના ઘર જમીનમાં છે. (તેમને ખલલ ન પડે.)

## પક્ષીઓ પ્રત્યે દયા ભાવ અને કીડીઓને બાળવાની મનાઈ.

મુહમ્મદ સાહબે પક્ષીઓનાં બચ્ચાં પકડીને તે બચ્ચાંઓને અને તેમની માને સતાવવાની મનાઈ કરી છે. જેમ કે સૈયદના ઈબ્ને મસ્ઉદ જણાવે છે કે "અમો પયગમ્બર સાહબની સાથે કોઈક જગાએ સફરમાં હતા. આપ સાહબ કોઈ જરૂરત પુરી કરવા ગયા હતા.અમોએ એક લાલ રંગનુ પક્ષી જોયુ, જેના બે બચ્ચાં હતાં અમોએ બન્ને બચ્ચાંઓને પકડી લીધા તો તે બચ્ચાંઓની મા પાંખો ફફડાવવા લાગી. આપ સાહબનુ આગમન થયુ તો તેમણે પુછયુ કોણે આ પક્ષી અને તેની માને તેના બચ્ચાં છીનવી લઈને કષ્ટ આપ્યું છે ? આ બચ્ચાં તેની પાસે મૂકી દો.

આપ સાહબે કીડીઓનુ એક જુથ જોયુ, જેને અમોએ બાળી નાખ્યું હતુ. મુહમ્મદ પયગમ્બર સાહબે કહયું "કોણે આને બાળી નાખ્યું ?" તેઓએ કહયું "અમોએ બાળી નાખ્યું છે." આપ સાહબે જણાવ્યું આગના માલિક (અલ્લાહ) સિવાય કોઈ બીજાએ આગની સજા આપવી યોગ્ય નથી.

આ હદીસ–કથનથી જાણવા મળ્યું કે કોઈ પણ જાનવર કે પશુને આગમાં બાળવા નિષિધ્ધ છે અને ફકત આનંદ પ્રમોદ માટે પશુ–પક્ષીઓને કેદ કરવા–પિંજરામાં પૂરી દેવા નિષેધાત્મક છે.

## પશુઓને અનુચિત શબ્દો ન કહેવા જોઈએ.

મુહમ્મદ સાહબે મરઘાને ગાળ આપવાની પણ મનાઈ કરી છે કેમ કે તે સૂઈ ગયેલાઓને પ્રભાત કાળે નમાઝ માટે જગાડે છે. આપ સાહબે

જાનવર પર ધિક્કાર—ફિટકાર વરસાવવાને નાપસંદ કર્યુ છે. એક મુસાફરી દરમિયાન અન્સાર કબીલાની એક સન્નારી મુહમ્મદ સાહબના સાથે હતા. તેણી ઉંટણી ઉપર સવાર હતાં. તેણીની ઉંટણી ઉપર કેટલાક માણસોનો સામાન હતો તે સન્નારીએ કોઈ વાત પર ગુસ્સે થઈ ફિટકાર વરસાવ્યો તો આપ સાહબે તે ઉંટણી પરથી સામાન હટાવી દેવાનો આદેશ આપ્યો.

## જાનવર સાથે કાનમવાસનાઓ પૂરી કરવાવાળા પર ધિક્કાર અને ફિટકાર.

મુહમ્મદ પયગમ્બર સાહબે જાનવર સાથે કામ વાસના પૂરી કરવા વાળા પર તિરસ્કાર અને ધિક્કાર દર્શાવી તે કાળા કરતૂત કરનારને કતલ કરી દેવાનો આદેશ આપ્યો છે. એક સામાન્ય માનવી આ પ્રકારની ધૃણાત્મક ચેષ્ટા કરવા વિશે વિચારી પણ શકતો નથી. પરંતુ તાજેતરમાં યુરોપના દેશ સ્વીટઝર્લેન્ડ વિશે અત્યંત શરમજનક સમાચાર આવ્યા છે કે ત્યાં જાનવરો અને ખાસ કરીને ઘોડાઓ સાથે કામ વાસના પૂર્ણ કરવા બાબતે હોશ ઉડી જાય એ પ્રકારે વધારો થઈ રહયો છે. રિપોર્ટ પ્રમાણે સ્વીટઝર્લેન્ડમાં હાલમાં જાનવરો સાથે કામ વાસના પૂરી કરવાની આદતવાળી વ્યકિતઓની સંખ્યા દસ હજારને પણ આંબી ગઈ છે.

## તરસ્યા જાનવરને પાણી પીવડાવવું

મુહમ્મદ સાહબનો જાનવરો સાથે સદવ્યવહારની આ હાલત હતી કે આપ સાહબ જાનવરોની તરસનો ખ્યાલ રાખતા હતા, અને વુઝૂ કરતી વખતે પોતાના વાસણમાંથી બિલાડીને પાણી પિવડાવતા અને એ પછી એ વધેલા પાણી થી વઝુ કરી લેતા. જેમ કે સય્યિદા આઈશા (મુહમ્મદ સાહબના પુનિત પત્ની) વર્ણવે છે કે પયગમ્બર સાહબે બિલાડી માટે વાસણ નમાવી દેતા અને વધેલા પાણી થી વુઝૂ કરતા.

આપ સાહબે ઘરમાં આવવા જવા વાળા પક્ષીઓ અને પશુઓના એઠાં પાણી ને અપવિત્ર નથી કહયું, જેથી ઘરવાળાઓને પાણીની અછત ન વર્તાય એટલે કે આપ સાહબે જણાવ્યું બિલાડીનુ એઠું નાપાક નથી, કેમ કે તે તમારી આજુબાજુ ચકકર લગાડવાવાળા અને ચકકર લગાડવાવાળીઓ માંથી છે.

આપ સાહબે બની ઈસ્રાઈલ (ઈસ્રાઈલના વંશજો) માંની એક સ્ત્રીનું વર્ણન કર્યુ કે તે બિલાડીના કારણે નર્કની યાતનાઓની હકદાર બની, તેણીએ બિલાડીને બાંધી દીધી હતી. તેણી બિલાડીને ન કશુ ખવડાવતી કે પીવડાવતી અને ન તેને જમીન પર છોડતી હતી, અહી સુધી કે તે બિલાડી ભૂખના કારણે મરી ગઈ.

## પશુઓ પ્રત્યે દયા ભાવ રાખવાથી મુકિત અને ક્ષમા.

આપ સાહબે એના વિરૂધ્ધ અન્ય એક સ્ત્રીનું વર્ણન કર્યુ કે કૂવા પાસે એક કૂતરું આટા–ફેરા મારી રહયુ હતું. અને તરસના લીધે તડપી રહયું હતુ અને તે મરવાની અણી પર હતુ, બની ઈસ્રાઈલની કુકર્મ કરવા વાળી સ્ત્રીની નજર તે કુતરા પર પડી. તેણીએ પોતાના ચામડાના મોજાથી કુવામાંથી પાણી કાઢી કુતરાને પાઈ દીધૂ, અલ્લાહે તેના કર્મના લીધે તેને ક્ષમા આપી દીધી.

આજ પ્રકારનો કિસ્સો બીજે ઠેકાણે વિસ્તારીને લખવામાં આવ્યો છે. ટૂકમાં એ કે એક માણસે તરસ્યા કૂતરાને પાણી પાયુ, તો અલ્લાહે તેને ક્ષમા આપી દીધી. આપના અનુયાયી–અંતેવાસીઓએ મુહમ્મદ સાહબને પુછયું પશુઓ સાથે ભલાઈ પૂર્વક વર્તવામાં પણ અમોને પુણ્ય મળશે ? આપ સાહબે જણાવ્યું દરેક જીવ–આત્માઓ સાથે સદવ્યવહાર કરવામાં પુણ્ય મળશે.

હદીસના અંતિમ વાકય જુથથી આ વાત જણાઈ આવે છે કે પુણ્ય મળવાના ઈરાદાથી આપણે માનવો સિવાય પશુઓ સાથે ભલાઈથી વર્તીએ, જાનવરોની તકલીફો દૂર કરવાના પ્રયત્નો કરીએ. એ પણ આપણા માટે પુણ્યના હકદાર હોવાનુ, આખેરતની પુંજી. અને સ્વર્ગમાં લઈ જવા માટે કારણભૂત બનશે.

ટૂકમાં પશુઓ, પક્ષીઓ અને જીવજંતુઓની વિશેનો આપનો પ્યાર અને આપના કથનો, તેમજ આદેશો માંગણી કરે છે કે આપણુ દિલ સમસ્ત જીવસૃષ્ટિ માટે દયા ભાવના પૂર્ણ, ઉત્સાહથી સુશોભિત હોય. અલ્લાહની કોઈ પણ જીવસૃષ્ટિી સાથે અત્યાચાર અને તકલીફો પર તડપી ઉઠે અને આપણે તેને રાહત આરામ પહોંચાડવાની કોશીશ કરીએ, ત્યારે જ આપણે સાચા અર્થમાં વિશ્વ કૃપાવંત-કલ્યાણકારી મુહમ્મદ સાહબના મહાજૂથમાં ગણાવવાના હકદાર બનીશું.

## સમાપ્ત

# અપીલ

## દારુલ ઉલૂમ, લુણાવાડા જિ. મહીસાગર



દર્સગાહ બિલ્ડીંગ, દારુલ ઉલૂમ, લુણાવાડા જિ. મહીસાગર

દારુલ ઉલૂમ મદ્રસા અરબિય્યા તાલીમુલ મુસ્લિમીન, લુણાવાડા એ ઈસ્લામી શિક્ષણ ક્ષેત્રે વિવિધલક્ષી હેતુઓ ધરાવતી અને દૂર-દૂર સુધી ઈસ્લામી સંદેશો પહોંચાડતી ગુજરાતના મહીસાગર જિલ્લામાં આવેલ એક ઈસ્લામી સંસ્થા છે.

પોતાના વિવિધલક્ષી હેતુઓને પાર પાડવા માટે દારુલ ઉલૂમે દરેક હેતુની પરિપૂર્ણતા માટે સઘન યોજના બનાવેલ છે. દારુલ ઉલૂમની પ્રવૃત્તિઓ ગુણાત્મક રીતે વધતી જાય છે. દારુલ ઉલૂમે આજ સુધી અસંખ્ય ઉલમાએ કિરામ, હુફ્ફાઝે ઈઝામ અને કારી હઝરાતની ઈલ્મી જગતને ભેટ ધરી છે. તથા ઈસ્લામી તા'લીમાત જીવંત રાખવા માટે દીની પ્રકાશનોનો પણ પ્રયાસ આરંભ્યો છે.

દારુલ ઉલૂમની કાયમી આવકના કોઈ સ્ત્રોત નથી, અલ્લાહ પર ભરોસો અને આપની સખાવતો તથા બુઝુર્ગોની દુઆઓ અને નઝર એક માત્ર તેની પૂંજી છે. આ ઈસ્લામી સંસ્થાને તેના લક્ષ્ય તરફ આગળ વધવા આપ વધુથી વધુ નાણાંકીય સહાય કરશો તેવી નમ્ર અપીલ છે.

હાફિઝ મો.યુસુફ રશીદ સાહબ
મોહતમીમ, દારુલ ઉલૂમ, લુણાવાડા,
જિ. મહીસાગર, ગુજરાત
ફોન : (૦૨૬૭૪) ૨૫૦૦૪૦

અલ-મઅહદુલ આલી અલ-ઈસ્લામી,
હૈદરાબાદ, એ.પી.



المعهد العالي الاسلامي حیدرآباد

## AL-MAHADUL AALI AL-ISLAMI
## HYDERABAD (INDIA)

Taleemabad, Quba Colony, Post : Pahadi Shareef,
Hyderabad - 500 005 (A.P.)
Phone : +91 40 20022098, +91 9959642747, 9989709240
Website : www.almahad.org, E-mail : ksrahmani@yahoo.com